મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૯-૦૫-૨૦૨૫ ગુરૂવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૪૫
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

### પ્રદેશ નિરીક્ષક પુર્વ સાંસદ મોહન કુંડારીયા, અનુસૂચીત જાતિ મોરચાના વડા ગૌતમભાઈ ગેડીયા, પુર્વ મેયર અમીબેન પરીખ તથા ચુંટણી ઈન્ચાર્જ કમલેશ મિરાણી હાજર

# ગુજરાતમાં વિધાનસભાની બે બેઠકોની પેટાચુંટણીમાં ગરમી આવી કડી અને વિસાવદર માટે ભાજપએ સેન્સ લીધી : શનિવારે નિર્ણય

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

ગુજરાતમાં જારી થયેલી બે ધારાસભા બેઠકોની પેટાચુંટણીમાં હવે ઉમેદવારની પસંદગીની પ્રક્રિયા તેજ બની છે. સૌરાષ્ટ્રની વિસાવદર અને મહેસાણા જીલ્લાની કડી અનામત બેઠકો પર તા.૧૯ જૂનના મતદાન યોજાશે. જેમાં ઉમેદવારીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને તા.૨ સુધીમાં ફોર્મ ભરવાના છે.

તે સમયે આજે ભાજપે વિસાવદરના ઉમેદવાર પસંદ કરવા જૂનાગઢ ભાજપ કાર્યાલય, કમલમ અને કડી માટે મહેસાણા ભાજપ કાર્યાલયે સેન્સની પ્રક્રિયા શરૂ કરી છે અને સાંજ સુધીમાં પક્ષ દ્વારા નિયુક્ત નિરીક્ષકો સેન્સ લીધા બાદ કાલે પક્ષને તેનો રીપોર્ટ આપશે અને પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ શનિવારે પક્ષની પાર્લીયામેન્ટ્રી બોર્ડ મળશે અને પેનલના નામો પર વિચારશે. બાદમાં તે દિલ્હીમાં ભાજપ સંસદીય બોર્ડે મંજુરી આપશે.

આજે વિસાવદર માટેના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયામાં ચુંટણી ઈન્ચાર્જ શ્રી કમલેશ મીરાણીએ જણાવ્યું હતું કે પ્રદેશ નિરીક્ષક તરીકે રાજકોટના પુર્વ સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા ભાજપ અનુસૂચીત જાતિ મોરચાના વડા શ્રી ગૌતમભાઈ ડેડીયા અને જામનગરના પુર્વ મેયર અમીબેન પારેખની



### બન્ને બેઠકોનો રીપોર્ટ મોવડીમંડળને સોંપાશે : શનિવારે પાર્લીયામેન્ટ્રી બોર્ડઃ નામ દિલ્હીથી જાહેર થશેઃ કડીમાં પણ ભાજપના નિરીક્ષકોએ દાવેદારોને સાંભળ્યા

હાજરીમાં સેન્સ પ્રક્રિયા શરૂ થઈ છે.

જેમાં વિસાવદર શહેર, તાલુકા, ભેસાણ શહેર અને તાલુકાના પ્રતિનિધિઓ, નિરીક્ષકો સમક્ષ સંભવિત ઉમેદવાર અંગે રજુઆત કરશે તો પક્ષના કોઈ અગ્રણી પણ દાવેદારી કરી શકશે. સાંજે આ ક્ષેત્રના સાંસદ-ધારાસભ્ય-સંગઠન સહિતના પદાધિકારીઓનો અભિપ્રાય લેવાશે.

જેનો રિપોર્ટ મોવડીમંડળને સુપ્રત થશે અને શનિવારે અથવા રવિવારે ભાજપના ઉમેદવારો પસંદ કરાશે. બીજી તરફ કોંગ્રેસ પક્ષે પણ કડી-છત્રાલ હાઈવે પરથી એક હોટેલમાં સેન્સ પ્રક્રિયા શરૂ કરી છે અને આમ આદમી પાર્ટીએ વિસાવદર માટે ગોપાલ ઈટાલીયાને જાહેર કર્યા છે પણ હજુ કડીમાં કોઈ જાહેરાત કરી નથી.

---

### મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારી એસ.કે.પ્રજાપતિના અધ્યક્ષસ્થાને નોડલ અધિકારીઓની સમીક્ષા બેઠક

# નોડલ અધિકારીઓને માઈક્રોપ્લાનિંગ કરી ચૂંટણી સંબંધિત તૈયારીઓ કરવા સૂચના આપતા જિલ્લા ચૂંટણી અધિકારી

### બેઠકમાં ચૂંટણી સંબંધિત તૈયારીઓની વિગતવાર સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન-સૂચના આપ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

૨૪- કડી(અ.જા.) વિધાનસભા પેટા ચૂંટણી સંદર્ભે મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી એસ.કે. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને આજે કલેક્ટર કચેરી, સભાખંડ ખાતે ચૂંટણી નોડલ અધિકારીશ્રીઓની એક સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ કડી વિધાનસભા પેટા ચૂંટણીને ધ્યાનમાં રાખીને નિમાયેલા ચૂંટણીલક્ષી વિવિધ બાબતોનાં નોડલ અધિકારીશ્રીઓ પાસેથી તેમને સોંપાયેલી કામગીરી અંતર્ગત તૈયારીઓ અને આયોજનની ઝીણવટભરી વિગતો મેળવતા વિસ્તૃત સમીક્ષા કરી હતી.




આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીએ ચૂંટણી સ્ટાફનાં ઓર્ડર, રેન્ડમાઈઝેશન, ખાસ મતદાન મથકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી ચૂંટણી સ્ટાફ મેળવવો, ચૂંટણી સ્ટાફની તાલીમનું આયોજન, ઈવીએમ-વીવીપેટનાં રેન્ડમાઈઝેશન, મટીરીયલ મેનેજમેન્ટ, ચૂંટણી દરમિયાન ઉપયોગમાં લેવાનાં વાહનો સહિતનાં સંસાધનો, મીડિયા મોનિટરિંગ અને પ્રચાર-પ્રસિદ્ધિ વગેરે બાબતે સંબંધિત નોડલ અધિકારીઓ પાસેથી માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન-સૂચના આપ્યા હતા.

વધુમાં તેમણે ચૂંટણી આયોગની આદર્શ આચારસંહિતા બાબતોની વખતોવખતની સૂચનાઓનું જિલ્લાના તમામ અધિકારીઓ/ કચેરીઓ, ચૂંટણી લડતા ઉમેદવારો, રાજકીય પક્ષો વગેરે દ્વારા ચુસ્તપણે અમલવારી કરવામાં આવે તેની તકેદારી રાખવા સંદર્ભે એમસીસી નોડલ ઓફિસરને વિગતવાર જાણકારી આપી હતી.

આ ઉપરાંત મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયા માટે કાયદો અને વ્યવસ્થા અંગે ચર્ચા કરતા તેમણે જરૂરી સ્થળોએ પોલિસ બંદોબસ્ત સહિતની કામગીરી અંગે બ્રિફિંગ, તાલીમ, રહેવાની વ્યવસ્થા સહિતનાં આયોજન અંગે સૂચના આપી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ ચૂંટણી પંચની માર્ગદર્શિકાનો સઘન અભ્યાસ કરી પોતાને સોંપાયેલી કામગીરીનાં દરેક પાસાને ધ્યાનમાં રાખી બારીક બાબતોનું આયોજન અને તૈયારીઓ કરવા નોડલ અધિકારીશ્રીઓને સૂચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો હસરત જૈસમીન, અધિક નિવાસી કલેકટરશ્રી જે.કે. જેગોડા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિવેક બારહટ સહિત સંબંધિત નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

---

### જિલ્લામાં આદર્શ આચાર સંહિતાની અમલવારી હાથ ધરવામાં આવી છે

# કડી વિધાનસભામાં રાજકીય બેનર્સ, પોસ્ટર્સ, હોર્ડીંગ્સ અને કટ આઉટ સમય મર્યાદામાં ઉતારી લેવામાં આવ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

એમસીસી નોડલ અને ઈન્ચાર્જ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ૨૪-કડી (અ.જા.) વિધાનસભા પેટા ચૂંટણી -૨૦૨૫ અન્વયે આદર્શ આચાર સંહિતા અંગેની જાહેરાત તા.૨૫/૦૫/૨૦૨૫ થી થયેલ છે. જે અન્વયે મહેસાણા જિલ્લામાં આદર્શ આચાર સંહિતાની અમલવારી હાથ ધરવામાં આવી છે.

૨૪-કડી વિધાનસભા મતવિભાગમાં સરકારી ભવનો, જાહેર મિલ્કતો, સરકારી માલીકીની મિલ્કતો તેમજ વર્કશોપ, બસ સ્ટેશન, પીક અપ સ્ટેશન, બસો તથા અન્ય સ્થળોએ પ્રદર્શિત કરાયેલ સરકારી જાહેરાતો દૂર કરાવી તથા ખાનગી અને જાહેર મિલ્કતોનો થતો બગાડ અટકાવવા માટે રાજકીય બેનર્સ, પોસ્ટર્સ, હોર્ડીંગ્સ અને કટ આઉટ સમય મર્યાદામાં ઉતારી લેવામાં આવ્યા છે.



ફાઈલ તસ્વીર

આ ઉપરાંત ૨૪-કડી વિધાનસભા મતવિભાગમાં વોલ પેઈન્ટિંગ, પોસ્ટર્સ, બેનર્સ, હોર્ડીંગ્સ વિ. મળી ૪૯ પ્રચારાત્મક સામગ્રી જાહેર મિલકતો પરથી અને ૮૨ પ્રચારાત્મક સામગ્રી ખાનગી મિલકતો પરથી એમ મળી કુલ ૧૩૧ પ્રચારાત્મક સામગ્રી હટાવવામાં આવી છે. તેમજ જિલ્લાની સરકારી કચેરીઓ પરથી પણ પ્રચારાત્મક સામગ્રી હટાવવામાં આવી છે.આ આદર્શ આચાર સંહિતા તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

---

### દૂધના ભાવમાં ૧૦ રૂપિયાના વધારાથી દૂધ ઉત્પાદકોને વાર્ષિક ૪૮ કરોડ રૂપિયાનો ફાયદો થશે

# અશોક ચૌધરી ડેરીના ચેરમેન બન્યા એટલે દૂધના ભાવ ૬૫૦ હતા જે તબક્કા વાર વધારી ૮૩૦ કર્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મહેસાણાની દૂધસાગર ડેરીએ દૂધ ઉત્પાદકો માટે મહત્વનો નિર્ણય લીધો છે. ડેરીએ દૂધના ખરીદ ભાવમાં ૧૦ રૂપિયાનો વધારો કર્યો છે. હવે દૂધનો ભાવ ૮૨૦ રૂપિયાથી વધીને ૮૩૦ રૂપિયા પ્રતિ કિલોફેટ થયો છે.

ચેરમેન અશોક ચૌધરીના ચાર વર્ષના સમયમાં દૂધના ભાવમાં ૧૮૦ રૂપિયાનો વધારો થયો. દૂધના ભાવમાં ૧૮૦ રૂપિયા વધારો થવાના કારણે વાર્ષિક ૮૦૦ કરોડ રૂપિયા વધારાના દૂધ ઉત્પાદકોના ઘેર પહોચ્યા.

આ ભાવ વધારાથી દૂધ ઉત્પાદકોને વાર્ષિક ૪૮ કરોડ રૂપિયાનો ફાયદો થશે. ડેરી સાથે જોડાયેલા ૫ લાખથી વધુ દૂધ ઉત્પાદકોને આ નિર્ણયનો લાભ




**અશોક ચૌધરીના ચાર વર્ષના શાસનમાં દૂધના ભાવમાં ૧૪ મી વખત વધારો થયો**

મળશે. છેલ્લા ચાર વર્ષમાં દૂધના ભાવમાં આ ૧૪મી વખત વધારો થયો છે. ચાર વર્ષ પહેલા દૂધનો ભાવ ૬૫૦ રૂપિયા હતો. આ સમયગાળામાં દૂધના ભાવમાં કુલ ૧૮૦ રૂપિયાનો વધારો નોંધાયો છે.

---

### વરસાદની સાથે હવે ચૂંટણીનું વાતાવરણ પણ જામ્યું : વિધાનસભા પેટા ચૂંટણી બાદ રાજયના ગામડાઓ પણ ચૂંટણીમય થશે

# રાજયની ૮૩૨૬ ગ્રામ પંચાયતોમાં તા.૨૨ જુને મતદાન : ૨૫ જુને પરિણામ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

ગુજરાતમાં એક તરફ ચોમાસુ જામવાની તૈયારીમાં છે તો બીજી તરફ રાજયમાં રાષ્ટ્રીય વાતાવરણના વાદળો પણ ઘેરાવા લાગ્યા છે અને રાષ્ટ્રીય ચૂંટણી પંચે વિસાવદર અને કડીની વિધાનસભાની બેઠકોની પેટા ચૂંટણી જાહેર થઈ છે અને તેના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે.

તથા ૧૯ જુનના રોજ મતદાન અને ૨૬ જુનના મતગણતરી હાથ ધરાશે તે સમયે જ ગુજરાતમાં રાજય ચૂંટણીપંચે રાજયની ૮૩૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી પણ જાહેર કરી છે જેના કારણે રાજયભરમાં હવે ચૂંટણીનું વાતાવરણ બની જશે.

આજે રાજયના ચૂંટણી



**રાજય ચૂંટણી કમિશનર એસ. મુરલીકૃષ્ણાએ કાર્યક્રમ જાહેર કર્યોઃ પ્રથમ વખત ૨૭ ટકા ઓબીસી સાથે ચૂંટણી યોજાશે : જોકે સમરસ કરવાના પ્રયાસો પણ થશે**

કમિશનર એસ. મૂરલીકૃષ્નાએ ચૂંટણીની તારીખો જાહેર કરી હતી જેમાં તા.૨૨ જુને તમામ ૮૩૨૭ ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાશે જેની ઉમેદવારી તારીખ ૯ જુન સુધી શરૂ કરી શકાશે.

તા.૨ જુનથી ઉમેદવારી નોંધાવાનું શરૂ થશે. તા.૯ જુન સુધીમાં ઉમેદવારી નોંધાયાના બાદ ૧૦ જુનના રોજ ચકાસણી થશે અને



૧૧ જુનના ઉમેદવારી પાછી ખેંચી શકાશે. રાજયમાં પ્રથમ વખત વધેલી ઓબીસી અનામત સાથે ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ રહી છે.

જેમાં ૧૦ ટકાથી ઓબીસી અનામત ૨૭ ટકા થઈ છે. અને તેને કારણે ચૂંટણી વિલંબમાં મુકાઈ હતી જયારે ૨૫ જુને આ ચૂંટણીના પરિણામ જાહેર થશે. બીજી તરફ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં હવે મોટાભાગે સમરસ કરવા માટે પણ પ્રયાસો હાથ ધરાશે.

જેમાં ભાજપનો હાથ ઉપર રહે તેવા સંકેત છે. રાજય ચૂંટણી પંચ દ્વારા તમામ જીલ્લા કલેકટરોને ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેની પ્રક્રિયા હાથ ધરવા અગાઉ જ કહેવાય ગયું હતું.




# કેન્દ્ર-રાજય સહયોગ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં એ ભાવનાનું પ્રદર્શન કરવું સમયની માંગ હતી કે જો કેન્દ્ર અને રાજય મળીને કામ કરે તો કોઈપણ લ-ય અસંભવ નથી. આ બેઠકમાં ૨૦૪૭ સુધી દેશને વિકસિત બનાવવા માટે એના પર ભાર મૂકવામાં આવ્યો કે વિકસિત ભારતનું લ-ય રાજયોને વિકસિત કરીને જ મેળવી શકાય છે. ચોક્કસપણે દેશ ત્યારે જ આગળ વધશે, જયારે તમામ રાજયો પ્રગતિ કરશે. તેમને વિકાસ મામલે એકબીજા સાથે સ્વસ્થ પ્રતિસ્પર્ધા કરવા માટે એકબીજા પાસેથી શીખવું પણ જોઈએ. એ પણ જરૂરી છે કે વિકાસના મામલે સંકીર્ણ પક્ષીય રાજકીય હિત આડે ન આવી શકે. વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષા મામલે કેન્દ્ર અને રાજયોએ ન માત્ર એકમત થવું જોઈએ, બલ્કે એવું દેખાવું પણ જોઈએ. દુર્ભાગ્યે મોટાભાગે એવું નથી થતું. તેનું કારણ સંકીર્ણ સ્વાર્થોને પ્રાથમિકતા આપવાનું જ હોય છે. કેટલીય વાર રાજ્ય સરકારો કેન્દ્ર સરકાર પર સંઘીય માળખાની અવગણના કરવાનો આરોપ લગાવે છે, પરંતુ તે ખુદ કેન્દ્રીય યોજનાઓને લાગુ કરવામાં આનાકાની કરે છે. દાખલા તરીકે પશ્ચિમ બંગાળે કેન્દ્ર સરકારની કેટલીય યોજનાઓને લાગુ કરવાની જરૂર ન સમજી. તેમાં કેટલીક યોજનાઓ તો જન કલ્યાણ સંબંધિત છે. કેટલીય વાર રાજયોને પણ કેન્દ્ર સરકાર સામે ફરિયાદ હોય છે. તેમની સાચી ફરિયાદોને સાંભળવી જોઈએ, બલ્કે તેનું સમાધાન પણ કરવું જોઈએ. ફરિયાદો પર આરોપ-પ્રત્યારોપનો સિલસિલો ચાલુ રહેવાથી કોઈનું ભલું નથી થતું.નીતિ આયોગની બેઠકમાં દેશના વિકાસમાં મહિલાઓની ભાગીદારી વધારવા, પર્યટન કેન્દ્રો પર વિશેષ ધ્યાન આપવા અને ભવિષ્યના પડકારોને જોતાં શહેરી માળખાનું યોગ્ય નિર્માણ કરવા જેવા કેટલાક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ. એમ પણ તમામ મુદ્દાઓ પર ધ્યાન આપવું જોઈએ અને યોગ્ય રીતે શહેરીકરણ પર તો વિશેષ રૂપે, કારણ કે શહેરો જ વિકાસનાં એન્જિન છે. નીતિ આયોગની બેઠકમાં કેટલાય રાજયોના મુખ્યમંત્રી વ્યસ્તતા અથવા પૂર્વ નિર્ધારિત કાર્યક્રમને કારણે ન આવ્યા. આશા રાખીએ કે તેમની ગેરહાજરીનું કારણ કેન્દ્રને કોઈ રાજકીય સંદેશ આપવાનો નહીં હોય. એ વિચિત્ર છે કે નીતિ આયોગની જે બેઠકમાં કોંગ્રેસ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ પમ આવ્યા, તેને લઈને પાર્ટીના મહાસચિવ જયરામ રમેશની પ્રતિક્રિયા ઘોર નકારાત્મક રહી. તેમણે બેઠક ખતમ થતાં પહેલાં જ તેને નિરર્થક ગણાવી અને નીતિ આયોગને અયોગ્ય એકમ પણ ગણાવી દીધું. આખરે તેને નકારાત્મકતાની પરાકાષ્ઠા સિવાય બીજું શું કહી શકાય? લાગે છે કે તેમના જેવા નેતા પહેલાંથી જ એ નક્કી કરી લે છે કે તેમણે દરેક મુદ્દે પોતાની ભડાસ કાઢવાની છે અને કંઈકને કંઈક એવું કહેવું કે જેનાથી કલેશ પેદા થાય.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

ગુજરાતભરમાં તા. ૨૯ મેના રોજ ફરી એક વાર સિવિલ ડિફેન્સની "ઓપરેશન શિલ્ડ" મોકડ્રીલ યોજાશે

# ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ આગોતરી તૈયારીના ભાગરૂપે ગુજરાતના તમામ જિલ્લામાં સાંજે ૫.૦૦ કલાકે મોકડ્રીલનું આયોજન

**મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતી રવિએ "ઓપરેશન શિલ્ડ" સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા કરાયેલી તૈયારીઓની વર્ચ્યુઅલ સમીક્ષા કરી**

**મોકડ્રીલના સફળ અમલીકરણ માટે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી તમામ જિલ્લા કલેકટરશ્રીઓને જરુરી સૂચનાઓ અપાઈ**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

ભારત સરકારના ગૃહ મંત્રાલયની સૂચના અનુસાર ગત તા. ૭ મે, ૨૦૨૫ના રોજ દેશના સંવેદનશીલ વિસ્તારોમાં વસવાટ કરતા નાગરિકોની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી અને મૂલ્યાંકન કરવા માટે નાગરિક સંરક્ષણ કવાયત (સિવિલ ડિફેન્સ મોકડ્રીલ) હાથ ધરવામાં આવી હતી. જેના આધારે દેશના કેટલાક સંવેદનશીલ વિસ્તારોમાં નાગરિક સંરક્ષણની વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે.

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા દુશ્મન દેશના હુમલા સામે નાગરિક સંરક્ષણની તૈયારીઓને વધારવા માટે દેશના પશ્ચિમી સરહદને અડીને આવેલા રાજયો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ કવાયત 'ઓપરેશન શિલ્ડ'નું આયોજન કરવાની સૂચના આપવામાં આવી છે.

ભારત સરકારના આદેશ તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પણ આવતીકાલ તા. ૨૯ મે, ગુરુવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે ફરી એક વાર નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરવામાં આવશે. ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ દુશ્મન દેશ તરફથી થતા કોઈપણ સંભવિત હુમલા સામે ટક્કર ઝીલવા આગોતરી તૈયારીના ભાગરૂપે ગુજરાતના દરેક જિલ્લામાં મોકડ્રીલનું આયોજન થશે.

ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ સંદર્ભે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ આજે ગુજરાતના તમામ જિલ્લા કલેકટરશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોકડ્રીલ અન્વયે કરવામાં આવેલી તૈયારીઓની વર્ચ્યુઅલ સમીક્ષા કરી હતી. સાથે જ, તેમણે મોકડ્રીલના સફળ અમલીકરણ માટે તમામ જિલ્લા કલેકટરશ્રીઓને જરુરી સૂચનાઓ પણ આપી હતી.

વધુમાં ડૉ. જયંતી રવીએ કહ્યું હતું કે, આ કવાયત દરમિયાન નાગરિક સુરક્ષાને લગતી સ્થાનિક પ્રશાસનની સુસજ્જતા, દ્રઝઝ, દ્રજીજી, ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ જેવા યુવા વોલીન્ટીયર્સની સેવાઓ લેવાની, દુશ્મનના વિમાની અને મિસાઈલ હુમલા સંદર્ભે એરફોર્સ અને નાગરિક સુરક્ષા કંટ્રોલ રુમ વચ્ચે હોટલાઈન ઉભી કરવાની, એર રેપિડ સાયરન કાર્યરત કરવાની, સંપૂર્ણ અંધારપટ કરી નાગરિકો અને તેમની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા જેવી વિવિધ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત સંભવિત હુમલા બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે મેડિકલ ટીમ અને રકતદાન સંદર્ભે જરુરી કાર્યવાહી કરવા તેમજ સંભવિત યુદ્ધની પરિસ્થિતિમાં બોર્ડર વિંગના હોમ ગાર્ડસ, આર્મ્ડ વિંગના જવાનોનું તાત્કાલિક ડીપ્લોયમેન્ટ કરવા સંદર્ભે જરુરી એકશન પ્લાન બનાવવા સંદર્ભે પણ જિલ્લા કલેકટરશ્રીઓને જરુરી સૂચનાઓ આપવામાં આવી છે. સાથે જ, આ કવાયત દરમિયાન જરુરી તમામ વિભાગો અને સ્ટેકહોલ્ડર્સ દ્વારા સમયસર સંકલન બાબતે પણ કલેકટરશ્રીઓને માહિતગાર કરવામાં આવ્યા છે, તેમ તેમણે ઉમેર્યુ હતું.

પુર્વ મુખ્યમંત્રી આશિર્વાદ આપતા હોય તેવા વાયરલ થયેલા વિડીયોમાં શંકરસિંહ વાઘેલાએ પણ ઝુકાવ્યું

# કેશુબાપાના આશિર્વાદથી હું વિધાનસભા પહોંચીશ : ગોપાલ ઈટાલીયાના AI વિડીયોથી ભારે વિવાદ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૮

વિસાવદરના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયા સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક AI વીડિયોને કારણે ખૂબ જ ચર્ચા છે. આમ આદમી પાર્ટી સુરતના ઓફિશિયલ પેજ પર એક AI વીડિયો પોસ્ટ થયો છે, જેમાં ઈટાલિયા સ્વ. કેશુભાઈ પટેલના આશીર્વાદ લેતા જોવા મળે છે.

AAP ના સુરતના ઓફિશિયલ પેજ પર પોસ્ટ થયેલા AI વીડિયોમાં ગોપાલ ઈટાલિયા ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ.કેશુભાઈ પટેલના આશીર્વાદ લઈ રહ્યા છે, જેમાં સ્વ.કેશુભાઈ તેમને કહે છે કે દીકરા ગોપાલ, મેં આખી જિંદગી વિસાવદરનાં ખેતર અને ખેડૂતો માટે સંઘર્ષ કર્યો છે.

હવે આ જવાબદારી તું સંભાળ અને ખેડૂતો અને પશુપાલકોની મુશ્કેલીઓ દૂર કર બેટા..ત્યારે ઈટાલિયા સ્વ.કેશુભાઈને કહે છે- બાપા, તમારા આશીર્વાદથી હું જરૂર વિધાનસભામાં પહોંચીશ અને તમારી પ્રેરણાથી હું વિસાવદર અને ભેંસાણના ખેડૂતો અને મજૂરોના હકની લડાઈ પૂરી તાકાતથી લડીશ.

આમ થયેલા AI વીડિયો અંગે ગોપાલ ઈટાલિયા કહે છે કે તમે મારા પેજ પર જોશો ને તો મારી સભાના વીડિયો બનાવવાની પણ મારી પાસે



સુવિધા નથી. મેં અત્યારસુધીમાં ૧૫૦ ગામમાં સભા કરી. તમે ક્યાંય મારો વીડિયો જોયો? આ તો ભાજપવાળા ખોટો વાદવિવાદ કરે છે અને બીજુ કે પાર્ટીના અનેક પ્રકારનાં પેજ લોકો બનાવી પોતાની રીતે મૂકતા હોય.

બધા મને પૂછવા થોડી જતા હોય. શું સીઆર પાટીલને પૂછીને બધું ભાજપના પેજ પર જતું હોય? જો ભાજપમાં એવી સિસ્ટમ હોય તો અમારામાં હોય. આ તો પાર્ટીના સમર્થકો સોશિયલ મીડિયામાં લાઈક કોમેન્ટ માટે મથતા હોય એમાં આપણે શું કરવાનું...

AI વીડિયો બાદ ઈટાલિયા પર ગુનો નોંધવા અરજી AI વીડિયો વાઈરલ થયા બાદ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર લાલજીભાઈ કોટડિયાએ ગોપાલ ઈટાલિયા વિરુદ્ધ વિસાવદર પોલીસ સ્ટેશનમાં ઈટાલિયા સામે બદનક્ષીનો ગુનો નોંધવા અરજી કરી છે.

કોટડિયાનું કહેવું છે કે, ચૂંટણી પ્રચાર માટે ગોપાલ ઈટાલિયાએ ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ આશીર્વાદ આપતા હોય એવો AI ટેક્નોલોજીનો ઉપયોગ કરીને વીડિયો બનાવ્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં ગોપાલ ઈટાલિયાએ પાટીદાર સમાજનું અપમાન કર્યું છે.

પેટ્રોલનાં ઉંચા ભાવ કરતાં સસ્તા સીએનજીનો વિકલ્પ પસંદ થવા લાગ્યો

# બદલાતો ટ્રેન્ડ! ગુજરાતમાં પ્રથમવાર પેટ્રોલ કરતા CNG કારનું વેંચાણ વધી ગયુ

અમદાવાદ, તા.૨૮

ગુજરાતના માર્ગો પર દોડતા વાહનોમાં સીએનજીનો 'પાવર' વધી રહ્યો છે.રાજયના ઓટોમોબાઈલ્સ ઈતિહાસમાં પ્રથમ વખત પેટ્રોલ કરતા




સીએનજીથી દોડતી કારની સંખ્યા વધી ગઈ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫ માં સીએનજી તથા પેટ્રોલ-સીએનજી કારનું વેંચાણ વાહન ૧.૨૫ લાખને આંબી ગયુ છે. જયારે પેટ્રોલ કારનું વેચાણ ૧.૧૮ લાખ રહ્યું હતું.

કેન્દ્રીય પરિવહન તથા હાઈવે મંત્રાલયનાં રીપોર્ટમાં આ આંકડાકીય માહિતી જાહેર થઈ છે. પેટ્રોલનાં ઉંચા ભાવને કારણે સસ્તા સીએનજીથી દોડતી કારનો ટ્રેન્ડ વધી રહ્યાનું સુચવાય છે.

વાસ્તવમાં દાયકાઓથી લોકો પેટ્રોલ કાર તરફ જ આકર્ષિત રહેતા હતા અને પેટ્રોલ કાર જ પ્રથમ પસંદગી હતી. ૨૦૨૧ માં ૧.૩૯ લાખ પેટ્રોલ કારનું વેંચાણ હતું તે સંખ્યા ૪૦.૫૬૦ સીએનજી કારની સરખામણીએ ત્રણ ગણી હતી.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે પેટ્રોલનાં ઉંચા ભાવ નવી આધુનિક ટેકનોલોજીવાળી સીએનજી કીટ તથા સીએનજીથી પર્યાવરણ રક્ષા વધુ એવરેજ સહિતના ફાયદાથી ટ્રેન્ડ બદલાયો છે. ડીઝલ વાહનો મોઘા હોવાથી માત્ર એસયુવી ખરીદીમાં જ તેને પ્રાથમીકતા અપાય છે.

બાકી સીએનજીનું જ ચલણ જોવા મળી રહ્યું છે. કાર વિક્રેતાઓનાં કહેવા પ્રમાણે પેટ્રોલ-સીએનજી કારમાં ગમે તે ઈંધણ વાપરવાનો વિકલ્પ મળે છે અને તેમાં ઓપરેશન ખર્ચ ઓછો આવતો હોવાથી ગ્રાહકોનો મોહ વધ્યો છે.

એટલુ જ નહિં સીએનજી કંપની ફીટીંગ જ રહેતુ હોવાથી વિશ્વાસ પણ વધ્યો છે. કંપનીઓને હવે સીએનજી કીટનુ ઉત્પાદન વધારવાની ફરજ પડી રહી છે.

ડિઝલ કારનું વેંચાણ ૭૩૦૦૦ નુ હતું.ગત વર્ષની સરખામણીએ મામુલી વધારો હતો. ૨૦૨૧ ની સરખામણીએ ડબલ હતું. મોટાભાગે એસયુવી ખરીદનારા લોકો ડીઝલ કારનો આગ્રહ રાખે છે.

કારની એવરેજથી માંડીને અનેક ફાયદા હોવાથી એક વખતે પેટ્રોલ કારની બોલબાલા હવે રહી ન હોવાનું સ્પષ્ટ થાય છે. ઈલેકટ્રીક તથા હાઈબ્રીડ કારનુ વેંચાણ વધી રહ્યું હોવા છતાં પ્રમાણમાં ઓછુ છે. હાઈબ્રીડ કારનું વેંચાણ ૬૩૦૦ યુનિટ નોંધાયુ હતું જે ગત વર્ષે માત્ર ૧૦૦ નું હતું. ઈલેકટ્રીક કારનું વેંચાણ ૬૨૦૦ હતું.




ગ્રહોનો રાઝ આપની આજ

**મેષઃ** આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે વ્યવસાયની બાબતમાં કોઈ વિશેષ ડીલને અંતિમ સ્વરૂપ આપી શકો છો.આ દિવસે તમે શારીરિક સુવિધાઓ માટે ખર્ચ કરશો અને તમારા પૈસા પણ વધુ વધશે.

**વૃષભઃ** આજે તમને શુભ ફળ મળશે અને વ્યવસાયમાં જોખમ લેવાથી આજે લાભ થઈ શકે છે. જૂના રોકાણોથી પણ આજે ફાયદો થઈ શકે છે. ધૈર્ય અને હળવા વર્તનથી સમસ્યાઓ સુધારજો.

**મિથુનઃ** આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે, પરંતુ ધર્મ, આધ્યાત્મિકતા અને શિક્ષણની બાબતોમાં થોડો સમય આપશો. વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ લાવવાની કોશિશ કરશે.

**કર્કઃ** આજનો દિવસ તમને ખૂબ સારા પરિણામ આપવા જઈ રહ્યો છે અને તમે જે કામ સમર્પણ સાથે કરો છો તેમાં તમને પૂર્ણ સફળતા મળશે. ઓફિસમાં તમારું મૈત્રીપૂર્ણ વાતાવરણ સર્જાશે અને તમારા સાથીઓ પણ સહયોગ કરશે.

**સિંહઃ** આજનો દિવસ તમારા માટે ફાયદાકારક છે અને આજે અટકેલા પૈસા મળવાની સંભાવના છે. કાર્ય વર્તન સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

**કન્યાઃ** આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપી રહ્યો છે અને તમને ભાગ્યનો પૂરો સહયોગ મળશે. તમારું યોજનાઓમાં ધ્યાનમાં લાગશે. આજે કોઈ કેસ સંબંધિત કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે.

**તુલાઃ** આજીવિકાની દ્રષ્ટિએ આજનો દિવસ ખૂબ જ મજબૂત છે. દિવસભર લાભ મળશે અને નોકરી મેળવનારાઓને સારી આવક મળવાની અપેક્ષા છે. પરિવાર સુખ અને શાંતિનો આનંદ માણશે અને ભાઈ-બહેનો સાથે આનંદ કરશો.

**વૃશ્ચિકઃ** આજનો દિવસ સારો પરિણામ આપવા જઈ રહ્યો છે. રચનાત્મક કાર્યોમાં સામેલ લોકોને સફળતા મળશે અને ભાગ્યની સહાયથી અધૂરા કાર્યો પૂરા થતાં જોવામાં આવશે. તમે જે કામ સૌથી વધુ પસંદ કરો છો તે આજે થશે.

**ધનઃ** આજનો દિવસ સામાન્ય છે અને રોમેન્ટિક સંબંધ સમરસતા સ્થાપિત કરશે. ભાગીદારીમાં આજે થયેલ કાર્ય શુભ ફળ આપશે અને રોકાણમાં લાભ મળશે. આજે તમારા ધંધામાં નફો નોંધપાત્ર વધશે.

**મકરઃ** આજે તમારે પરસ્પર વાટાઘાટોમાં સંયમ અને સાવધાની રાખવાની જરૂર છે. ખાતરી રાખો કે તમારી આસપાસના લોકો સાથે કોઈ વિરોધાભાસ નથી. વાણી પર નિયંત્રણ રાખો અને ક્રોધને કાબૂમાં રાખો.

**કુંભઃ** આજે તમારા માટે થોડો પડકાર રહી શકે છે. સાવચેત અને જાગૃત રહેવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. રોજિંદા કામ ઉપરાંત, તમે કંઈક નવું કરવાનો પ્રયત્ન કરશો તો ફાયદાકારક રહેશે.

**મીનઃ** આજનો દિવસ થોડો સાવધ રહેવાનો છે અને તમારા સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પણ થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. નહીં તો તમારું નુકસાન થઈ શકે છે.

## ફિલ્મી ગપશપ

અનેક ગુજરાતી નાટકો અને ફિલ્મોમાં અભિનય અને નિર્માતા તરીકેની અમીટછાપ છોડનાર

# દિગ્ગજ કલાકાર કૌસ્તુભ ત્રિવેદીનું નિધન : કલાજગતમાં ભારે શોક

**અભિનેતા, પ્રોડયુસર સંજય ગોરડિયા, અભિનેતા બાબુલ ભાવસાર, રાજેન્દ્ર બુરાલા, છાયા વોરા,મેઘના ખાંડેકરે દિગ્ગજ કલાકારને શ્રધ્ધાંજલી અર્પી**

મુંબઈ,તા.૨૮

ગુજરાતી રંગભૂમિની ઓળખ સમા કલાકાર, પ્રોડયુસર કૌસ્તુભ ત્રિવેદીનું ગઈકાલે મુંબઈ ખાતે નિધન થતા નાટય શોખિનો તથા થિયેટકના કલાકારોમાં શોકની છાયા ફેરી વળી છે.આજે સવારે કાંદિવલી (મુંબઈ)થી કૌસ્તુભ ત્રિવેદીની અંતિમ યાત્રા નીકળી ત્યારે રંગભૂમિના કલાકારો તેમજ તેમના ચાહકો બહોળી સંખ્યામાં જોડાયા હતાં.તેમણે થિયેટરમાં પ્રોડ્યુસર તરીકે ૨૦૦ કરતા નાટક નિર્માણ કરતાં છે અને કેટલાક નાટકોમાં કામ પણ કર્યુ છે. આ સાથે તેઓ પ્રખ્યાત ગુજરાતી ફિલ્મ 'વીર માંગડાવાળો'માં અભિનય માટે પણ જાણીતા હતા. તેમની અંતિમ યાત્રા નિવાસ સ્થાનેથી નીકળશે.ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મોમાં એક મોટી ખોટ સર્જાઈ છે. અનેક ગુજરાતી નાટકો અને ફિલ્મોમાં અભિનય અને નિર્માતા તરીકે પોતાની છાપ છોડનાર દિગ્ગજ કલાકાર કૌસ્તુભ ત્રિવેદીનું મુંબઈમાં તેમના નિવાસ સ્થાને ૬૯ની વયે અવસાન થયું છે.કૌસ્તુભ ત્રિવેદીનું ગુજરાતી થિયેટરમાં ખૂબ જ મોટું યોગદાન હતું. તેમણે થિયેટરમાં પ્રોડ્યુસર તરીકે ૧૦૦ કરતા વધુ નાટકો નિર્માણ કર્યા છે અને કેટલાક નાટકોમાં કામ પણ કર્યુ છે. આ સાથે તેઓ પ્રખ્યાત ગુજરાતી ફિલ્મ 'વીર માંગડાવાળો'માં અભિનય માટે પણ જાણીતા હતા.ગુજરાતી રંગભૂમિના આ મોટા કલાકાર અને પ્રોડ્યુસરના નિધન પર તેમના નજીકના મિત્રો કલાકારો અને પરિવાર તરફથી શોક વ્યકત કરવામાં આવી રહ્યો છે. અભિનતા અને પ્રોડ્યુસર સંજય ગોરડિયા, બાબુલ ભાવસાર, રાજેન્દ્ર બુટાલાએ આ દિગ્ગજ કલાકાર સાથેની તેમની યાદગાર પળોને શેર કરી તેમને યાદ કર્યા છે.બોલિવૂડ અભિનેતા જોની લીવરની દીકરી જેમી લીવરના પણ અનેક શો કૌસ્તુભ ત્રિવેદીએ પ્રોડ્યુસ કર્યા છે. જેમી લીવરે પણ તેમણે ભાવુક શ્રદ્ધાંજલી આપી છે.સંજય ગોરડિયા અને કૌસ્તુભ ત્રિવેદીએ ૧૦૦ કરતાં વધુ નાટકમાં પ્રોડ્યુસર અને સાથી કલાકાર તરીકે કામ કર્યુ છે.ખાસ મિત્રના અવસાન પર તેને યાદ કરતાં સંજય ગોરડિયા કહે છે કે અમે પાર્ટનર પછી અને મિત્ર પહેલા હતા. ૨૫ વર્ષ એકબીજા સાથે અમારી પાર્ટનરશિપની જર્નીને એક રેકોર્ડ ગણાવી શકાય. અમારી વચ્ચે મતભેદો થયા, પણ તે કદીયે પૈસાને લઈને નહીં પણ નાટકની ક્રિએટિવિટી બાબતને લઈને તેને બહેતર બનાવવાની દ્રષ્ટિએ થતાં.

ગુજરાતી રંગભૂમિને મોટી ખોટ પડી છે. તે ઘણા સમયથી નાટકોથી દૂર હતા, તેમ છતાં તેમનું નામ નાટકમાં હોય. નિર્માતાઓ તેમને કહેતા કે તમે કામ નહીં કરતાં પણ તમારું નામ નાટકમાં રહેશે, આ બાબત તેના કામ પ્રત્યે ઘણું કહીં જાય છે. કૌસ્તુભ ત્રિવેદી સાથે પોતાની જર્ની અને મિત્રતાને એક નાટકમાં વ્યાખ્યાયિત કરી શકાય તે અંગે સંજય ગોરડિયાએ કહ્યું 'લાલી લીલા'. આ નાટકને બે પાત્રોની જેવી અમારી મિત્રતા હતી. અમારી વચ્ચે પૈસાને લઈને કોઈ અવિશ્વાસ કોઈ પણ પરિસ્થિતીમાં ન નિર્માણ થઈ શકે, એવી અમારી મિત્રતા હતી.×

**શ્રી ગૌતમકુમાર ડી.વાણીયા, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, મહેસાણા (શહેર)ની કોર્ટમાં**
**વણીકર કલબ પાસે, મ્યુનિસીપલ ગ્રાઉન્ડ સામે, મહેસાણા-૩૮૪૦૦૧**

નં.એ.ડી.એમ/જન્મ મરણ નોંધણી/કેસ નં.૮૮/૨૦૨૫ તા.૨૭/૦૫/૨૦૨૫

## જાહેર નોટીસ

અરજદાર : પટેલ મંગુબહેન તે નરોત્તમભાઈ જોઈતારામની દિકરી અને પટેલ ડાહ્યાભાઈની પત્નિ રહે. ચામુંડા સોસાયટી, ખેરવા તા.જિ. મહેસાણા

વિરૂદ્ધ

સામાવાળાઃ (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી, કરસનપુરા ગ્રામ પંચાયત & હિંગળાજપુરા ગ્રામ પંચાયત તા.જિ. મહેસાણા

(૨) આચાર્યશ્રી, ગોઝારિયા હાઈસ્કુલ, મુ. ગોઝારિયા તા.જિ.મહેસાણા

જન્મ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીનો જન્મ નામે 'પટેલ મંગુબહેન નરોત્તમભાઈ' નો જન્મ 'તા.૦૧/૦૧/૧૯૬૧' ના રોજ ગામ કરશનપુરા તા.જિ. મહેસાણા મુકામે થયેલ પરંતુ નિયમોની જાણના અભાવના કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ નોંધણી કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા વાંધા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૫/૨૦૨૫ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

સહિ/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટેટ
મહેસાણા (ગ્રામ્ય)

**શ્રી ગૌતમકુમાર ડી.વાણીયા, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, મહેસાણા (શહેર)ની કોર્ટમાં**
**વણીકર કલબ પાસે, મ્યુનિસીપલ ગ્રાઉન્ડ સામે, મહેસાણા-૩૮૪૦૦૧**

નં.એ.ડી.એમ/જન્મ મરણ નોંધણી/કેસ નં.૮૭/૨૦૨૫ તા.૨૭/૦૫/૨૦૨૫

## જાહેર નોટીસ

અરજદાર : પટેલ ડાહ્યાભાઈ જોઈતારામ

રહે. ચામુંડા સોસાયટી, ખેરવા તા.જિ. મહેસાણા

વિરૂદ્ધ

સામાવાળાઃ (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી, ખેરવા ગ્રામ પંચાયત તા.જિ. મહેસાણા

(૨) આચાર્યશ્રી, શ્રી જયકોરબાઈ વિદ્યામંદિર, ખેરવા તા.જિ.મહેસાણા

જન્મ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીનો જન્મ નામે 'પટેલ ડાહ્યાભાઈ જોઈતારામ' નો જન્મ 'તા.૦૧/૦૬/૧૯૫૬' ના રોજ ગામ ખેરવા તા.જિ. મહેસાણા મુકામે થયેલ પરંતુ નિયમોની જાણના અભાવના કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ નોંધણી કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા વાંધા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૫/૨૦૨૫ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

સહિ/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટેટ
મહેસાણા (ગ્રામ્ય)

### જનસેવા કેન્દ્રમાં રોજ તાલુકા અને જિલ્લામાંથી મોટી સંખ્યામાં નાગરિકો વિવિધ દાખલાઓ અને પ્રમાણપત્રો મેળવવા આવે છે

# હિંમતનગર જનસેવા કેન્દ્રમાં અસહ્ય ગરમીમાં અરજદારોને રાહત માટે પંખા-કુલરની માંગ, કોંગ્રેસ ફરિયાદ સેલે મામલતદારને કરી રજૂઆત







(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૮

હિંમતનગરના બહુમાળી કેમ્પસમાં આવેલા જનસેવા કેન્દ્રમાં અરજદારોને ગરમીથી રાહત મળે તે માટે નવી પહેલ કરવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ ફરિયાદ સેલના ચેરમેન કુમાર ભાટે આ મુદ્દે હિંમતનગર મામલતદારને લેખિત રજૂઆત કરી છે.

જનસેવા કેન્દ્રમાં રોજ તાલુકા અને જિલ્લામાંથી મોટી સંખ્યામાં નાગરિકો વિવિધ દાખલાઓ અને પ્રમાણપત્રો મેળવવા આવે છે. ઉનાળાની અસહ્ય ગરમીમાં અરજદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાના નિવારણ માટે જનસેવા કેન્દ્રમાં પંખા અને કુલર લગાવવાની માંગ કરવામાં આવી છે.

આ રજૂઆત દ્વારા નાગરિકોને સરકારી કામકાજ દરમિયાન યોગ્ય વાતાવરણ મળી રહે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### યાત્રાધામ અંબાજીમાં અંબિકા વિશ્રામ ગૃહ પાછળથી મળ્યો મૃતદેહ

# ૩૫ વર્ષીય બચુ સરદાર ડુંગઈચાનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલાયો

(ગરવી તાકાત) અંબાજી તા.૨૮

અંબાજીમાં અંબિકા વિશ્રામ ગૃહની પાછળના ભાગેથી એક અજાણા પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. આ ઘટનાની જાણ થતાં પોલીસ અને મંદિર દેવસ્થાન ટ્રસ્ટના કર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા.

પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મૃતક કુંભારીયાના જોડ વિસ્તારનો રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. મૃતકની ઓળખ બચુ સરદાર ડુંગઈચા તરીકે થઈ છે. તેની ઉંમર ૩૫ વર્ષ હોવાનું પોલીસે જણાવ્યું છે.



પોલીસે મૃતદેહનો કબજો લઈ લીધો છે. મૃત્યુનું કારણ જાણવા માટે મૃતદેહને અંબાજીની જનરલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

### સિવિલ હોસ્પિટલના ઇન્ચાર્જ સુપ્રિટેન્ડેન્ટ પરેશ શીલાદરીયાના માર્ગદર્શન હેઠળ

# હિંમતનગર સિવિલમાં કોરોનાને લઈ વેન્ટિલેટર-ઓક્સિજન સુવિધા સાથે ૫૦ બેડનો આઇસોલેશન વોર્ડ તૈયાર કરાયો

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૮

હિંમતનગરની GNERજી મેડિકલ કોલેજ સંલગ્ન સિવિલ હોસ્પિટલે કોરોનાની સંભવિત લહેર માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. હોસ્પિટલમાં બે અલગ-અલગ સ્થળે કુલ ૫૦ બેડનો આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે.

સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ સુપ્રિટેન્ડેન્ટ પરેશ શીલાદરીયાના જણાવ્યા મુજબ, ગ્રાઉન્ડ ફ્લોર પર ૨૦ બેડ અને ત્રીજા માળે ૩૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક બેડ પર વેન્ટિલેટર અને ઓક્સિજનની સુવિધા ઉપલબ્ધ છે.



હોસ્પિટલમાં કોરોના દર્દીઓ માટે અલગથી ઓપીડી વોર્ડ પણ તૈયાર કરવામાં આવ્યો છે. જોકે, હાલમાં હોસ્પિટલમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. શીલાદરીયાએ જણાવ્યું કે વર્તમાન વાઈરસ એટલો જટિલ નથી, પરંતુ સાવચેતીના ભાગરૂપે આ તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

### જિલ્લા ચૂંટણી અધિકારી એસ.કે. પ્રજાપતિની દેખરેખમાં પ્રથમ રેન્ડમાઇઝેશન પૂર્ણ

# અધિકારી-કર્મચારીઓની પ્રિસાઈડિંગ, પોલીંગ-૧ અને પોલીંગ ઓફિસર તરીકેની ફરજ નક્કી થઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

૨૪-કડી (અ.જા.) વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણીનું મતદાન આગામી તા. ૧૯ જુનના રોજ યોજાનાર છે. ત્યારે મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી એસ.કે.પ્રજાપતિની દેખરેખમાં પ્રથમ રેન્ડમાઈઝેશન પૂર્ણ કરાયું છે. આ કોમ્પ્યુટર આધારિત રેન્ડમાઈઝેશનમાં ૧૦૫૯ જેટલા અધિકારી-કર્મચારીની પ્રિસાઈડિંગ, પોલીંગ-૧ અને પોલીંગ ઓફિસર તરીકેની ફરજ નક્કી થઈ છે. કલેક્ટર કચેરી ખાતે આ રેન્ડમાઈઝેશનમાં ૧૦૫૯ અધિકારીઓ- કર્મચારીઓની ચૂંટણી ફરજ નક્કી કરવામાં આવી છે.



આગામી દિવસોમાં યોજાનાર બીજા રેન્ડમાઈઝેશનમાં ટીમ ફોર્મેશન અને ત્રીજા રેન્ડમાઈઝેશનમાં બુથની ફાળવણી કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને તટસ્થ રીતે થાય તે માટે માનવીય હસ્તક્ષેપ વગર કોમ્પ્યુટર સિસ્ટમના આધારે અધિકારી-કર્મચારીઓને ફરજ સોંપણી કરવામાં આવે છે. આ તકે નિવાસી અધિક કલેકટર શ્રી જે. કે. જેગોડા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી વિવેક બારહટ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસાના ભોયણ શનિધામ મંદિરે હજારો ભક્તોની ઉપસ્થિતિમાં શનિ જયંતિની ઉજવણીને લઈને યજ્ઞ અને આરતી યોજાઈ

(ગરવી તાકાત) ડીસા તા.૨૮

ડીસા તાલુકાના ભોયણમાં આવેલા શનિધામ મંદિરે વૈશાખ વદ અમાસના દિવસે શનિદેવની જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

શનિધામ મંદિર ડીસા અને આસપાસના વિસ્તારમાં શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મુખ્ય કેન્દ્ર છે. દર શનિવારે અહીં હજારો ભક્તો દર્શન કરવા આવે છે. ભક્તો ભગવાન શનિદેવ અને હનુમાનજી મહારાજને તેલ, ફૂલ, કાળા તલ અને કાળા અડદ સહિત પ્રસાદ ચઢાવે છે. તેઓ પોતાની મનોકામના પૂર્ણ થવાની પ્રાર્થના કરે છે. શનિ જયંતિના ખાસ અવસર પર



રાત્રે શનિદેવની આરતી બાદ શનિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ભક્તોએ યજ્ઞમાં ભાગ લીધો હતો. મંદિર દ્વારા ભાવિક ભક્તો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. અનેક શ્રદ્ધાળુઓએ પ્રસાદનો લાભ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. શ્રદ્ધાળુઓએ ભગવાન શનિદેવના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

### કંકોત્રીથી માંડીને કપડા - ભોજન સહિતમાં ખર્ચ માટે નિયમો

# લગ્ન - સામાજીક પ્રસંગોમાં બિનજરૂરી ખર્ચ નહીં : આહિર બાદ રબારી સમાજનો નિર્ણય

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૮

બનાસકાંઠાના થરાદ બાદ હવે ડીસામાં પણ રબારી સમાજે સુધારાવાદી નિર્ણય લીધો છે. અગાઉ પણ રાજ્યના કેટલાક જિલ્લામાં રબારી સમાજ દ્વારા કુરિવાજો નાબુદ કરવા, સમાજમાં શિક્ષણનું સ્તર વધારવાનો નિર્ણય લેવાયો છે.

ત્યારે સમાજે ડીસાના દુધેશ્વર મહાદેવના મંદિરમાં નવા નિયમો અમલમાં મૂક્યા છે. આ પહેલા આહીર સમાજ દ્વારા આ પ્રકારનો નિર્ણય કરાયો હોવાનું સામે આવ્યો છે.

મળતી માહિતી મુજબ, બનાસકાંઠાના ડીસાના ઝેરડા ગામે રબારી સમાજ સુધારાવાદી નવા નિયમો અમલમાં મુક્યા છે. જેમાં વધતી મોંઘવારી વચ્ચે મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાયો હોવાનું સામે આવ્યું છે.



**રબારી સુધારાવાદીમાં લેવાયેલા નિર્ણય**

**- લગ્નમાં પત્રિકા છપાવવી નહી, માત્ર ટેલિફોનિક અને ડિજિટલ માધ્યમથી જાણ કરવી. - દીકરીના લગ્નમાં જે પડલામાં કપડા આવે તેનો ઉપયોગ કરવો, ભાડે વસ્ત્ર લાવી પહેરવા નહી. - લગ્નમાં કે કુંડીમાં કટલરી અને પૈકીંગ વસ્તઓ જેવી કે બદામ, કાજુ, પિસ્તા જેવા સુકામેવા મુકવા નહી. - દીકરી કે દીકરાના લગ્નમાં વરરાજા સિવાય કોઈએ શૂટ કે શેરવાની ભાડે લાવવી નહી.- કોઈપણ પ્રસંગમાં દીકરીઓએ ટૂંકા વસ્ત્રો પહેરવા નહી.- દીકરા-દીકરીના લગ્ન પ્રસંગે ભોજનમાં બે મીઠાઈ, એક ફરસાણ, બે શાક, પુરી-રોટલી, દાળ-ભાત, છાશ જ રાખવી. અન્ય કોઈ વસ્તુ રાખવી નહી.- લગ્નમાં મંડપ સાદો રાખવો, ડિસ્પ્લે રાખવું નહી અને સ્વાગતમાં ફુલ નાખવા નહી.- બાળકનો જન્મ થાય ત્યારે સોના-ચાંદીના દાગીના આપવાની જગ્યાએ ૨૧૦૦૦ કે ૫૧૦૦૦ રોકડ આપવા.**

### ૨૪-કડી (અ.જા.) વિધાનસભા ચૂંટણી મતવિભાગ માટે આજદીન સુધી ૩૧ નામાકંન પત્રોનું વિતરણ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

ચૂંટણી અધિકારી, ૨૪-કડી (અ.જા. ) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાન્ત અધિકારીશ્રી -કડી એ.ડી.મિયાત્રાની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મૂકનાર પૈકી કોઈ એક વ્યકિત ચૂંટણી અધિકારી, ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, કડીને પ્રાંત અધિકારીની ચેમ્બર, પ્રાંત કચેરી પ્રથમ માળ, તાલુકા સેવા સદન, કડી-કરણનગર રોડ, કડી ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારી, ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર, કડીને મામલતદારની ચેમ્બર, મામલતદાર કચેરી, પ્રથમ માળ, તાલુકા સેવા સદન, કડી-કરણનગર રોડ, કડી ખાતે મોડામાં મોડું તારીખ ૦૨/૦૬/૨૦૨૫ (સોમવાર) સુધીમાં કોઈપણ દિવસે (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધીમાં નામાંકન પત્રો પહોંચાડી શકશે. નામાંકન પત્રનાં ફોર્મ ઉપર દર્શાવેલ સ્થળે અને સમયે મળી શકશેઃતા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યા સુધીમાં કુલ ૧૪ અને આજદીન સુધી મળી કુલ ૩૧ નામાકંન પત્રોનું વિતરણ થયેલ છે. તે પૈકી આજરોજ ૧ નામાંકન પત્ર રજૂ થયેલ છે.

# સંક્ષિપ્ત સમાચાર

### જનરલ હોસ્પિટલ, મહેસાણામાં "National Menstrual Hygiene Day"ની ઉજવવામાં આવ્યો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

ડૉ. અંજુ પરમાર જિલ્લા ટીબી,/એચ આઈ વી ઓફિસર શ્રી , દિશા યુનિટ તેમજ ICTC ના સહયોગ થી આજ રોજ જીએનએમ નર્સિંગ સ્કુલ ,મહેસાણા માં એવરનેસ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ડૉ.ગોપી.પટેલ ( CDMO શ્રી જનરલ હોસ્પિટલ, મહેસાણા), ડૉ . અમી મિસ્ત્રી ( માઈક્રોબાયોલોજીસ્ટ), ધાર્મિસ્ટાબેન પટેલ ( પ્રિન્સિપાલ શ્રી નર્સિંગ કોલેજ), ધીરેન સોલંકી ( આઈ સી ટી સી કાઉન્સેલર)ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.ગોપીબેને આ વર્ષ ની થીમ " Tougher for a ,# period friendly word" chhe. જેનો મુખ્ય હેતુ મહિલાઓ માં માસિક ધર્મ દરમ્યાન સ્વછતા અંગે જાગૃતિ અંગેનો છે.

ડૉ.અમી મિસ્ત્રી મેડમે માસિકની પ્રકિયા વિશે , ન્યુટ્રીસન વિશે ,ઉમર ની સાથે થતા ફેરફારો વિશે માહિતી આપી હતી.

સોલંકી ધીરેન ભાઈ એ ગુપ્ત રોગો અને તેની સારવાર માટે માહિતી આપી હતી.

કાર્યક્રમ ના અંતમાં જીએનએમ સ્કૂલ ના પ્રિન્સિપાલ શ્રી એ આમંત્રિત મહેમાનો નો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં ૫૮ જેટલી નર્સિંગ ની વિધાર્થીઓ એ હાઝરી આપી હતી.

### 'ઋતુકાળ સંસ્કાર મહોત્સવ'

# ૨૮ -મે વિશ્વ માસિક સ્વાસ્થ્ય દિવસની આરોગ્ય શાખા દ્વારા ઉજવણી કરાઈ



(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૮

સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા હિંમતનગર ય્સ્ઈઈજી મેડિકલ કોલેજ ખાતે વિશ્વ માસિક સ્વચ્છતા દિવસ ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં મેનાર્કી પ્રથમ વાર રાજસ્વલા થયેલ દીકરીઓના કુમ કુમ તિલક અને અક્ષતથી સન્માન કરાયુ હતું. ત્યારબાદ દોલતાબાદની કિશોરીઓ ધ્વારા માસિક સ્વાસ્થ્ય અંતર્ગત નાટક, ઓનલાઈન કવીઝ, સ્વાસ્થ્ય ચેમ્પિયન ટંગ ટ્વિસ્ટર જેમાં અટપટા વાક્યોની રમત જેવી વિવિધ રમત યોજાઇ હતી. તાલુકા અને જિલ્લા કક્ષાની વિવિધ હરીફાઈના વિજેતાઓને ઈનામ જેવા રસપ્રદ કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યુ હતુ.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો. રાજ સુતરીયા એ જણાવ્યું કે દીકરીઓના શારીરિક અને માનસિક પરિવર્તનના મહત્વપૂર્ણ તબક્કાને સન્માન આપવા માટે આ કાર્યક્રમ આયોજિત કર્યો છે. દીકરીઓને આરોગ્ય તથા માસિક સ્વચ્છતા જાગૃતિ સંબંધિત માર્ગદર્શન આનંદભેર મળી રહે તે અગત્યનું છે. ગ્રામ્ય અને શહેરી બન્ને વિસ્તારની કિશોરીઓને સેનેટરી પેડનો ઉપયોગ અને યોગ્ય નિકાલ, આર્યન પોષણયુક્ત આહારની અગત્યતા, જીવન પર્યન્ત વ્યાયામ જેવી બાબતો અંગે સર્વેને માર્ગદર્શિત કર્યા હતા.

કાર્યક્રમમાં જિલ્લા રોગાચાળા નિયંત્રણ અધિકારી ડો. પ્રવીણ ડામોર, તાલુકા આરોગ્ય અધિકારી ડો. રાજેશ પટેલ સહિત અધિકારી ડી.એસ.પી કચેરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પ્રાથમિક શાળાની શિક્ષિકાઓ, નર્સિંગ કોલેજની વિધાર્થીનીઓ અને પિયર એજ્યુકેટર ઉપસ્થિત રહ્યા હતા.

# હુમલા બાદ માતા વૈષ્ણો દેવીના મંદિરે ફરી ભવ્યતા મેળવીઃ ભક્તોની સંખ્યામાં વધારો

જમ્મુ,તા. ૨૮

માતા વૈષ્ણો દેવી મંદિરમાં ભક્તોની સંખ્યામાં જબરદસ્ત વધારો થયો છે, અને એક મહિના પછી તે ૨૦ હજારને વટાવી ગયો છે. શનિવારે, ૨૧,૬૫૦ ભક્તોએ મંદિરમાં દર્શન માટે નોંધણી કરાવી હતી, જ્યારે રવિવાર સાંજ સુધીમાં ૧૫,૭૦૦ થી વધુ શ્રદ્ધાળુઓ મંદિર માટે રવાના થઈ ગયા હતા. છેલ્લા એક મહિનામાં આ સૌથી વધુ સંખ્યા છે.

એપ્રિલમાં પહેલગામ વિસ્તારમાં થયેલા આતંકવાદી હુમલા અને સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર'ને કારણે, યાત્રાળુઓની સંખ્યામાં ભારે ઘટાડો થયો હતો, દરરોજ ફક્ત ૧૦૦૦ થી ૧૫૦૦ યાત્રાળુઓ દર્શન કરી શક્યા હતા. આનાથી સ્થાનિક વ્યવસાયને પણ ખરાબ અસર પડી હતી. જોકે, હવે સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવી છે. યાત્રા રૂટ પર સુરક્ષા દળોની સંખ્યા વધારવામાં આવી છે, સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમને અપગ્રેડ કરવામાં આવી છે, અને દરેક ચેકપોઈન્ટ પર ખાસ ટીમો તૈનાત કરવામાં આવી છે. આ મજબૂત વ્યવસ્થાઓ પછી, પરિસ્થિતિમાં હવે સુધારો જોવા મળી રહ્યો છે. શ્રદ્ધાળુઓના પાછા ફરવાથી, કટરાના હોટલ, ઢાબા અને પરિવહન સેવાઓ સાથે સંકળાયેલા વેપારીઓ પણ રાહતનો શ્વાસ લઈ રહ્યા છે. કટરા વ્યાપાર સંઘના સભ્ય રાજેશ કુમારે જણાવ્યું હતુ કે ગયા મહિને વ્યવસાયમાં ૭૦% ઘટાડો થયો હતો, પરંતુ હવે પરિસ્થિતિ સુધરી રહી છે.

શ્રાઈન બોર્ડ અને ધાર્મિક સંગઠનોને આશા છે કે આગામી ઉનાળાના મહિનાઓમાં ભક્તોની સંખ્યામાં વધુ વધારો થશે. શ્રાઈન બોર્ડના પ્રવક્તાએ જણાવ્યું હતુ કે યાત્રાને સરળ બનાવવા માટે વધારાની બસો અને સ્વચ્છતા અભિયાનની વ્યવસ્થા કરવામાં આવી છે.

Volume : 11 Issue : 45 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002